બુદ્ધિ હશે તો બિઝનેસ, હેપ્પીનેસ, ફેમિલી, હેલ્થ માટે ટાઈમ મેનેજમેન્ટ કરી શાંતિ મેળવી શકાશે: - ચિન્મય મીઠાઈવાળા (મિઠાઈના બિઝનેસમાં)



સુરતીઓના દિવાળી સહિતના વિવિધ ફેસ્ટિવલ્સ અને પ્રસંગો સ્વાદિષ્ટ મીઠાઈઓથી મધમીઠા બનતા હોય છે અને આની જવાબદારી ઉઠાવવામાં ચિન્મયભાઈ મીઠાઈવાળાનો હિસ્સો પણ છે. વેસુ વિસ્તારમાં રહેતાં 40 વર્ષીય ચિન્મયભાઈ મીઠાઈના બિઝનેસ સાથે સંકળાયેલા છે. તેમને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમારે આવતા જન્મમાં પૈસા, હેલ્થ, શાંતિ, સુંદરતા, બુદ્ધિ કે હેપ્પીનેસ આમાંથી કોઈ એક પસંદ કરવાનું હોય તો શું પસંદ કરશો ત્યારે તેમણે જે જવાબ આપ્યો તે તેમના શબ્દોમાં અહીં વર્ણિત કરીએ છીએ. તેમણે જણાવ્યું કે, ''આવતા જન્મમાં પણ હું આ જન્મની જેમ બુદ્ધિની જ ઝંખના રાખીશ. હું મારી બુદ્ધિ ક્ષમતાથી અવનવી સ્વીટ્સ સુરતીઓ માટે લોન્ચ કરું છું અને તેને સુરતીઓ પાસેથી સારો રિસ્પોન્સ પણ મળે છે. જો બુદ્ધિ હશે તો તમે પૈસા પણ મેળવી શકશો અને બુદ્ધિનો ઉપયોગ કરીને ટાઈમ મેનેજમેન્ટ કરશો તો ફેમિલીને પણ સમય આપી શકશો, પોતાની હેલ્થ માટે ટાઈમ આપી શકશો અને હેપ્પીનેસ માટે પણ સમય ફાળવી શકશો અને સરવાળે શાંતિની પ્રાપ્તિ પણ કરી શકશો. બુદ્ધિ જેમ વધારે હશે તે વ્યક્તિ વધારે સ્માર્ટ બનશે એટલે સ્માર્ટનેસથી તે વધારે સુંદર દેખાશે. બિઝનેસ લઈને બેઠા હોઈએ તો થોડો ઘણો સ્ટ્રેસ તો બધાંને હોય હું તેમાં શાંતિ મેળવવા જીમમાં જાઉં છું, પરિવાર સાથે ટાઈમ સ્પેન્ડ કરું છું અને અઠવાડિયામાં એક કે બે વાર મારી જાતને એકલો મૂકું છું. એક-બે કલાક મારી રીતે રહું અને મને જે ગમે તે કરું એટલે શાંતિનો અનુભવ થાય. શાંતિ બુદ્ધિથી મેળવી શકાય એટલે મને તો નેક્સ્ટ જન્મમાં પણ બુદ્ધિ જોઈએ.''

બહુ પૈસા કમાયા બાદ પણ આપણને શાંતિ જ જોઈતી હોય એટલે હું નેક્સ્ટ જન્મમાં શાંતિ પ્રિફર કરીશ: - નિમિષા પારેખ (જાણીતા મહેંદી આર્ટિસ્ટ)



નિમિષા પારેખને આજે ઓળખની જરૂર નથી રહી. તેઓ મહેંદીની આર્ટમાં ઘણું નામ કમાઈ ચૂક્યા છે. 47 વર્ષીય નિમિષા પારેખને જ્યારે પૂછવામાં આવ્યું કે, તમારા અત્યારના જીવનના અનુભવો પરથી તમે નેક્સ્ટ જન્મમાં પૈસો, સુંદરતા, શાંતિ, હેલ્થ, હેપ્પીનેસ કે બુદ્ધિ આ છ ઓપશન્સમાંથી કયો એક ઓપ્શન પસંદ કરશો? ત્યારે તેમણે જે જણાવ્યું તે અમે અહીં તેમના શબ્દોમાં મૂક્યું છે. નિમિષાબેને જણાવ્યું કે, ''હું આવતા જન્મમાં આ બધા ઓપશન્સ આવી જાય તેવી બેલેન્સ્ડ લાઈફ પસંદ કરું પણ મારે કોઈ એક જ વિકલ્પ પસંદ કરવાનો હોય તો હું ચોક્કસપણે 'શાંતિ' પ્રિફર કરીશ. આ જન્મના મારા અનુભવો પરથી એટલું સમજાય કે, આપણે આટલી બધી દોડધામ કરીએ છીએ તે શેના માટેની છે? 'શાંતિ' માટે. પૈસો કમાયા બાદ આપણે શું જોઈએ? 'શાંતિ' જોઈતી હોય. સુંદરતા હોય પણ સુંદરતાની અંદર જો ઘણી વસ્તુઓ હર્ડલ બની જતી હોય તો પણ આપણું અલ્ટીમેટ ગોલ શાંતિ જ હોય એટલે માનસિક શાંતિ હોય એના કરતાં ઉત્તમ કમાઈ, એના કરતાં ઉત્તમ સુંદરતા કે એના કરતાં ઉત્તમ બીજી કોઈ વસ્તુ મને દેખાઈ નથી એટલે હું ડેફીનેટલી હું શાંતિ પ્રિફર કરું. હું બિઝી લાઈફ જીવું છું એટલે પહેલા મને થતું શાંતિ નથી શાંતિ નથી પણ જેવી હું સમજી છું તો હવે શાંતિ પર જ કામ કરું છું અને શાંતિ હવે મારા જીવનમાં છે એટલા માટે હવે હું બીજી વસ્તુઓ પર ફોક્સફુલી કામ કરી શકું છું. શાંતિ મેળવવા ઘણા બધા રસ્તાઓ છે જેમ કે મેડિટેશન, ભક્તિ, સારી વ્યક્તિઓની સંગત. જે આપણને શાંતિના માર્ગ તરફ લઈ જવા માટે, આપણાં મનના વિચારોને બેલેન્સ્ડ કરવા ખૂબ મોટો રોલ ભજવે છે. બુદ્ધિ તો જોઈતી જ હોય પણ ઘણી વાર આપણે બુદ્ધિનો કઈ રીતે પ્રયોગ કરતા હોઈએ છીએ એ પણ ખૂબ મહત્ત્વનું છે. મને એટલું સમજાય છે કે, મને જે જોઈએ છે, મારી અંદર જે કરવાની શક્તિ છે, આવડત છે છતાં હું તે નથી કરી શકતી તો મારી અંદર ફ્રસ્ટ્રેશન આવી શકે, ફ્રસ્ટ્રેશન આવે તો આફ્ટર ઓલ તે ડિપ્રેશનમાં પરિણમે. અલ્ટીમેટલી ડોક્ટર પાસે જઈશું તો તે આપણને વિચારોને બેલેન્સ્ડ કરવાનું, વિચારોને શાંત કરવાનું, શાંતિના માર્ગે લઈ જવાનું કહેશે એટલે બુદ્ધિ પણ હશે તો પણ શાંતિ નહીં હોય તો કદાચ એ બુદ્ધિ બળબુદ્ધિ બની જાય એવું લાગે છે એટલે સરવાળે તો શાંતિ જ જોઈએ.''

બુદ્ધિ હશે તો શાંતિ, પૈસા અને સુંદરતા પણ મેળવી શકાશે: - સુમેશ મોદી (હેરિટેજ રિસ્ટોરેશન આર્કિટેક્ટ)



ચોકબજાર સ્થિત ઐતિહાસિક કિલ્લો આજે આપણને નવા રંગરૂપમાં જોવા મળી રહ્યો છે તો તેમાં સુરત શહેરના જાણીતા આર્કિટેક્ટ સુમેશ મોદીની ઘણી મહેનત રહી છે. 50 વર્ષીય સુમેશભાઈ મોદીએ તેમની આર્કિટેક્ચર સ્કીલથી ઘણી એન્ટિક બિલ્ડીંગ્સ સહિતની ઇમારતોને સુંદર લુક આપ્યો છે. તેમને જ્યારે આવતા જન્મમાં તેઓ બુદ્ધિ, પૈસા, શાંતિ, સુંદરતામાંથી શું પસંદ કરશો એ અંગે પૂછ્યું ત્યારે તેના જવાબમાં સુમેશભાઈએ જે જણાવ્યું તે અહીં તેમના શબ્દોમાં મૂક્યું છે. સુમેશભાઈએ જણાવ્યું કે, ''મારા અત્યારના જીવનના અનુભવના આધારે હું માનું છું કે, બુદ્ધિ વધારે મહત્ત્વની છે. હું વ્યારામાં મોટો થયો હું. ગરીબ પરિવારમાંથી આવ્યો છું પણ મનમાં એવું જ હતું કે, ઈમાનદારીથી મહેનત કરીને કાંઇક મેળવશું. બુદ્ધિ હશે તો શાંતિ મેળવી શકાય, પૈસા કમાઈ શકાય, સુંદરતા પણ મેળવી શકાય. તમે કોન્ફિડન્ટ હશો, બુદ્ધિશાળી હશો તો તમે ઓટોમેટિકલી સુંદર દેખાશો. બુદ્ધિ મેળવી નથી શકાતી. ભણીને પણ બુદ્ધિ નહીં મળે અને વગર ભણ્યે પણ બુદ્ધિ હોઈ શકે. બુદ્ધિ બધાં પાસાંઓને નજરઅંદાજ કરીને તમને આગળ વધવાની તક આપશે એટલે બુદ્ધિ હશે તો બધું થશે, બધું મેળવી શકાશે એટલે હું આવતા જન્મમાં બુદ્ધિ પસંદ કરીશ. હું આ જન્મમાં પણ બુદ્ધિશાળી છું. બુદ્ધિ છે એટલે જ આર્કિટેક્ટ બની શક્યો. બુદ્ધિ છે તો જ આગળ વધી શક્યા છીએ. બુદ્ધિ બહુ મોટું પાસું છે અને તેના આધારે ઘણું કરી શકાય સાથે ભગવાનના આશીર્વાદ પણ જોઈએ. મેં આ જીવનમાં પણ શાંતિ મેળવી છે. દરેક માણસને પ્રોબ્લેમ આવે છે જેનો ઉકેલ તે બુદ્ધિ વાપરીને મેળવી શકે અને તેનાથી શાંતિ મેળવી શકે. શાંતિ તમારા હાથમાં જ છે અને તેને બીજાના હાથમાં નહીં સોંપવી જોઈએ નહીં તો અશાંતિ આવી જશે. બુદ્ધિ હશે તો શાંતિ પણ મેળવી શકાશે. પૈસા લાઈફમાં મહત્ત્વના છે પણ પૈસાની ઉપર ઘણું છે જેમ કે, હેલ્થ, લોકો સાથેના રિલેશન મહત્ત્વના છે. પૈસા તો બધાંને ઓછાવધતા મળે જ છે. બુદ્ધિ પણ પૈસા ખેંચી લાવે છે. પૈસાથી સુંદરતા મેળવી શકાય. અંતે હું એટલું જ કહીશ બુદ્ધિ બધાંને જોઈએ, તે જીવનમાં ઘણું મેળવી આપે છે.''



અંધારા વગર પ્રકાશ અધૂરો

અંધારું ન હોય તો અજવાળાની કિંમત શી?
સુક્કા મરુસ્થલ વિના પાણીની કિંમત શી?
દુઃખની રાતો ન વીતે જો જીવનમાં કદી,
તો હે પ્રભુ! આ સુખના પ્યાલાની કિંમત શી?
જો આકાશમાં સદાય અખંડ તેજ રહેત,
તો દીપકની જ્યોતનું મહત્ત્વ કોણ સમજત?
કાળી રાતના ગર્ભમાંથી સૂરજ ઊગે જ્યારે,
એ કિરણનું સ્વાગત ઉત્સવની જેમ થાય ત્યારે.
એટલે જ અંધારું પણ એક ગુરુ સમાન છે,
જેના વગર પ્રકાશ તો માત્ર નામ છે.
અંધકારની ગહનતામાંથી પસાર થયા પછી જ,
આત્માને સમજાય છે કે પ્રકાશનું શું સ્થાન છે.

નિરાલી ઠોરિયા (મોરબી)

ભીતરનો પ્રકાશ

બાકોરું પડ્યું અંતરમનમાં
પ્રગટ્યો પ્રકાશ ભીતર
દૂર થયો ભીતરનો અંધકાર
પ્રકાશ હતો મારી ભીતરમાં
શોધતો રહ્યો દશે દિશામાં
ભીતર ભર્યું છે અજવાળું
ઉલેચવા અંધારું મન માંહેનું
પ્રગટાવ્યો દીવડો ભીતરમાં
મેઘધનુષ રચાયું અંતઃકરણમાં
પ્રગટ્યો દીપ આત્માની અંદર
મળી ગયો પ્રકાશ ભીતરમાંથી
ફેલાઈ ગયો પ્રકાશ ચારેકોર
જલે છે જ્યોત ભીતર 'જેએમ'
ભટક નહીં તું પ્રકાશની શોધમાં
ડોકિયું કર તારી જાત માંહે

- ડૉ. જે. એમ. નાયક (નવસારી)

